**ન્યાયિક અધિકારીઓના વર્તમાનપત્ર તથા સામાયિકોના ચુકવણાં કરવા બાબત.**

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**
ગુજરાત રાજ્ય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**પરિપત્ર નંબર :- હિતિનિ/ટીસી/ફા.નં.૧૦૫/વર્તમાનપત્ર/૨૧૪૦**
**તારીખ :-૨૬-૩-૨૦૦૮.**

**:: પરિપત્ર :: ૭ / ૨૦૦૮**

આથી સંબંધકર્તા તમામના ધ્યાન ઉપર લાવવામાં આવે છે કે, કાયદા વિભાગના ઠરાવ નં. પીએવાય-૦૨-૩૦૦-૧૨૩૭-ડી, તા.૯-૫-૨૦૦૫ ના ઠરાવ મુજબ ન્યાયિક અધિકારીશ્રીઓને માસિક ધોરણે બે વર્તમાનપત્ર અર્થાત એક રાષ્ટ્રીય અને એક સ્થાનિક તથા રૂા.૫૦/- સુધીની મર્યાદામાં સામાયિક મળવાપાત્ર થાય છે. આ સંદર્ભમાં અત્રેની કચેરીને રજુઆત કરવામાં આવી હતી કે, આ વર્તમાનપત્રો તથા સામાયિકની ચુકવણી સંદર્ભમાં નાણા વિભાગના તા.૨૮-૧૧-૨૦૦૫ના ઠરાવ કે જેમાં વર્તમાનપત્રની પસ્તી પરત ન કરવાના કારણે કિંમતના ૯૦ % જેટલી જ રકમ પરત ભરપાઈ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. તે સંદર્ભ હેઠળના કિસ્સામાં લાગુ કરી શકાય કે કેમ ?

ઉકત બાબતે નાણા વિભાગના તા. ૨૫-૨-૨૦૦૮ના ઠરાવ નં. ખરચ-૨૦૦૭૪૦-૨૮-ઝ-૧( નકલ સામેલ છે. ) થી સ્પષ્ટતા કરેલ છે કે,

- ❖ વર્તમાનપત્રોની સગવડના સંદર્ભમાં નાણા વિભાગના તા.૨૮-૧૧-૨૦૦૫ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવાની રહે.
- ❖ મેગેઝીનના બીલની પુરેપુરી રકમની ચુકવણી સંબંધકર્તા કચેરીએ કરવાની રહેશે તથા સઘળા મેગેઝીનની પસ્તી કચેરીએ જમા લેવાની રહેશે.

ઉકત સુચનાઓનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(સહી) ૨૬/૩
**નિયામક**

પ્રતિ,
(૧) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ........................ (તમામ)
(૨) તિજોરી અધિકારીશ્રી(પેન્શન), પેન્શન ચુકવણાં કચેરી, અમદાવાદ.

**<u>સરકારી ખર્ચમાં કરકસર</u>**
અધિકારીઓના નિવાસસ્થાને સરકારી ખર્ચે
પ ૭ . . સે
<u>નિકાલ બાબત.</u>

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
પરિપત્ર ક્રમાંકઃ ખરચ-૧૦૦૫-૧૦૭૬-(૭૧૮)-ઝ૧
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૨૮-૧૧-૨૦૦૫**

**<u>વંચાણે લીધા :-</u>**

(૧) ના.વિ.પરિપત્ર ક્રમાંકઃ ઇએક્ષપી-૧૦૭૫-૩૦૮૮-(૫૯)-ક, તા.૫-૧-૧૯૭૬
(૨) ના.વિ.પરિપત્ર કઃ ખરચ-૧૦૮૮-૧૨૬૭-ઝ૧, તા.૧૨-૮-૧૯૮૮
(૩) ના.વિ.પરિપત્ર કઃ ખરચ-૧૦૮૮-૧૪૭૬-ઝ૧, તા.૧-૧૦-૧૯૮૮

## :: પ રિ પ ત્ર ::

આમુખ (૩) માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧-૧૦-૮૮ ના પરિપત્રથી જે અધિકારીઓના નિવાસસ્થાને સરકારી ખર્ચે વર્તમાન પત્રો આપવામાં આવે છે તેમને જો તેઓ સંબંધિત વિભાગ/કચેરીમાં આ વર્તમાન પત્રોની પસ્તી જમા કરાવે તો વર્તમાન પત્રના બીલની પુરેપુરી રકમ/ અન્યથા વર્તમાન પત્રના બીલની ૭૫ ટકા રકમ સરકારશ્રીમાંથી ચૂકવણી કરવા ઠરાવેલ હતું.

**પુખ્ત વિચારણાને અંતે ઉક્ત જોગવાઇમાં ફેરફાર કરી હવે નીચે પ્રમાણે કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**(૧) જે અધિકારીઓના નિવાસસ્થાને સરકારી ખર્ચે વર્તમાનપત્રો આપવામાં આવે છે તેમાં પસ્તી જમા કરાવવાનો વિકલ્પ રદ કરવામાં આવેલ છે**

**(૨) પસ્તી જમા ન કરાવવાથી જે ૭૫ ટકા રકમ મળવાપાત્ર હતી તેમાં વધારો કરી ૯૦ ટકા રકમ ચૂકવવા ઠરાવવામાં આવે છે.**

**આ પરિપત્રનો અમલ તા.૧-૧૨-૨૦૦૫ થી કરવાનો રહેશે.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
**( કુ. લ.મ.દરજી )**
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર
સર્વે મંત્રીશ્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
**વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.**
**સચિવ, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર**
સચિવ, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
**સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.**
**રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ**
એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
સચિવાલયના તમામ વિભાગો
**હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર.**
**પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, ગાંધીનગર**
**સર્વે ખાતાના વડાઓ- કચેરીઓના વડાઓ**
**સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ**
**સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ સ્થાનિક ભંડોળ હિસાબ**
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી (નર્મદા) વડોદરા/ગાંધીનગર
**નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.**
**રાજ્ય સરકાર હેઠળના બધા માન્ય મંડળો.**

[redacted]

ક્રમાંક–ખરચ–૨૦૦૭–૪૦૨૮–ઝ.૧

ગુજરાત સરકાર
**નાણાં વિભાગ**
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૨૧/૨/૦૮

હિસાબી અને તિજોરી
નિયામકની કચેરી
-1 MAR 2008
ઈનવર્ડ નં........
ગાંધીનગર.

પ્રતિ,
નિયામકશ્રી,
હિસાબ અને તીજોરી કચેરી,
ગુજરાત રાજય,
ગાંધીનગર

વિષય : સરકારી અધિકારીઓના રહેઠાણે વર્તમાનપત્રોના ચૂકવણાં બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના આપના તારીખ ૧૯/૧૨/૦૭ના પત્ર ક્રમાંક હિતિનિ / ટી.સી/ફા.૧૦૫/જયુઓ/૧૧૮૦૦ પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે સરકારી અધિકારીઓના રહેઠાણે આપવામાં આવતાં વર્તમાનપત્રોની સગવડના સંબધે બિલના નાણા ચૂકવણી અંગે નાણા વિભાગના તા. ૨૮/૧૧/૦૫ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવાની રહે. જયારે મેગેઝીનના બિલની પુરી રકમનું ચુકવણું જે તે કચેરીએ કરવાનું રહેશે. સાથોસાથ સઘળા મેગેઝીનની પસ્તી કચેરીએ જમા લેવાની રહે.

આપનો વિશ્વાસુ

(ઉસ્માન પટેલ)
સેકશન અધિકારી
નાણાં વિભાગ